ક્રમાંક:જીપીવી/વિવિ/૨૦૨૨/૦૬૩
આચાર્યશ્રીની કચેરી
સરકારી પોલીટેકનીક વલસાડ
તા.૧૦/૦૧/૨૦૨૨

**નોટીશ-૨ (લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતી યોજના અંગે)**

આથી સંસ્થામાં અભ્યાસ કરતા લઘુમતી જાતિ (૧.મુસ્લીમ,૨.ખ્રિસ્તી,૩.શીખ,૪.પારસી,૫.બૈધ્ધ,૬.જૈન)ના વિદ્યાર્થીઓ કે જેઓ ભારત સરકારશ્રીની લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતી યોજનાની તમામ શરતો પરિપુર્ણ કરતા હોય, તેવા વિદ્યાર્થીઓએ **વર્ષ:૨૦૨૧-૨૨** માટે ONLINE APPLICATION **www.scholarship.gov.in(N.S.P. 2.0)** ની વેબસાઇટ પર **તા.૧૫/૦૧/૨૦૨૨** સુધીમાં કરવાની રહેશે. નવા વિદ્યાર્થી તથા આ યોજનાનો પહેલી વખત લાભ લેવા માંગતા વિદ્યાર્થીઓએ **FRESH APPLICATION** કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓએ આ યોજનાનો અગાઉ લાભ લીધો હોય, તેવા વિદ્યાર્થીઓએ **RENEWAL APPLICATION** કરવાની રહેશે.FRESH APPLICATION/RENEWAL APPLICATION ની પ્રિન્ટ સંસ્થામાં વિદ્યાર્થીએ પોતાના વિભાગમાં જરૂરી આધાર પુરાવા સાથે ફરજીયાત **તા.૨૦/૦૧/૨૦૨૨** સુધીમાં જમા કરવાની રહેશે. જે વિદ્યાર્થી FRESH APPLICATION /RENEWAL APPLICATION ની પ્રિન્ટ સંસ્થામાં વિદ્યાર્થીએ પોતાના વિભાગમાં જરૂરી આધાર પુરાવા સાથે નિયત સમયમર્યાદામાં જમા કરશે નહી તેની અરજી ધ્યાને લેવામાં આવશે નહી અને શિષ્યવૃતીનો લાભ મળશે નહી, જેની સર્વે વિદ્યાર્થીઓ નોંધ લેવી.

**અરજી કરતા પહેલા દરેક વિદ્યાર્થીએ બેન્ક એકાઉન્ટ, આધારકાર્ડ સાથે સીડીંગ કરવુ ફરજીયાત છે.**

અરજી ફોર્મ સાથે નીચેના ડોકયુમેન્ટ જમા કરવાના રહેશે.

૧. ધો.૧૦ ની માર્કશીટની પ્રમાણીત નકલ (FRESH APPLICATION કરેલ વિદ્યાર્થી માટે)
૨. સંસ્થા ખાતેની ફી રસીદ (Current Semester Term Fee receipt)
3. અગાઉના સેમેસ્ટરની માર્કશીટની પ્રમાણીત નકલ (RENEWAL APPLICATION કરેલ વિદ્યાર્થી માટે)
૪. સક્ષમ અધિકારીનો લઘુમતી જાતિનું પ્રમાણપત્ર (પ્રમાણીત નકલ)
૫. સક્ષમ અધિકારીનો આવકનો દાખલો (ઇસ્યુ થયાની તારીખ થી ત્રણ નાણાંકીય વર્ષ સુધી જ આવકનો દાખલો માન્ય ગણાશે.)
૬. બેંક અકાઉન્ટની પ્રથમ પાનાની નકલ અને આધાર કાર્ડની નકલ

આચાર્ય
સરકારી પોલીટેકનીક વલસાડ

નકલ રવાના:

(૧) દરેક વિભાગના ખાતાના વડાશ્રીઓ તરફ વિભાગના વિદ્યાર્થીઓને જાણ કરવા સારૂ.
(૨) વિદ્યાર્થી વિભાગના નોટીશ બોર્ડ પર વિદ્યાર્થીઓને જાણ તથા કાર્યવાહી કરવા સારૂ.
(3) સંસ્થાની વૈબસાઇટ **(1) www.gpvs.cteguj.in (2) www.gpvalsad.ac.in**